# આરજેડી કોંગ્રેસ ગઠબંધન તૂટી પડશે

## તમામ ૪૦ બેઠક પર ચૂંટણી લડવા લાલુએ પ્રચારનું રણશિંગુ ફૂક્યું

પટના,તા.૩

આરજેડીના વડા લાલુપ્રસાદ યાદવ કોંગ્રેસના વર્તનને લઈને ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. આ જ કારણસર લાલુપ્રસાદ યાદવ હવે એકલા હાથે ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે. બિહારમાં લોકસભાની તમામ ૪૦ બેઠકો પરથી ચૂંટણી લડવા માટેની તૈયારી કરવા પક્ષના નેતાઓ અને કાર્યકરોને લાલુપ્રસાદ યાદવ અપીલ કરી ચૂકયા છે. લાલુપ્રસાદે આજથી છ દિવસ લાંબા તેમના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની પણ શરૂઆત કરી દીધી હતી. લાલુ યાદવે આક્રમક અંદાજમાં કહ્યું હતું કે ગઠબંધન કરવાની બાબત અમારી કોઈ નબળાઈ નથી અથવા તો જરૂરી પણ નથી. કોમવાદી પરિબળો સામેની લડાઈ ચોક્કસપણે લડવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કોમવાદી પરિબળોના રથને રોકવાની જવાબદારી એક માત્ર લાલુની નથી પરંતુ અમે કોમવાદી પરિબળો સામે લડત જારી રાખીશું. તેમણે એમ પણ કહ્યું હતું કે નવી દિલ્હીમાં બેસીને બે મહિનાના સમય બગાડ કર્યો છે તો કોઈ ખોટું કામ કર્યું નથી. એક છત્ર હેઠળ બિનસાંપ્રદાયિક પરિબળોને લાવવાના તમામ પ્રયાસ થઈ ચૂક્યા છે પરંતુ લોકો માની રહ્યા છે કે આ અમારી નબળાઈ છેજેથી હવે વધારે સમય બગાડવાનો મતલબ નથી. પટનામાં આરજેડી સંસદીય બોર્ડની બેઠક યોજાઈ હતી. એક કલાક સુધી ચાલેલી આ બેઠકમાં તમામ પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા



હતા. લાલુએ આજથી ચૂંટણી પ્રચારનું રણશિંગુ પણ ફૂક્યું હતું. પ્રથમ તબક્કામાં લાલુ યાદવ નવાડા, ઔરંગાબાદ, કારાકટ અને સસારામ સહિત લોકસભાની તમામ ૧૩ બેઠકોને આવરી લેશે. આ તમામ બેઠકો ઉપર કોંગ્રેસે તેનો દાવો કર્યો હતો. કસારામ કોંગ્રેસની બેઠક છે જ્યાંથી અધ્યક્ષ મીરાકુમાર સાંસદ છે. કેરળના રાજ્યપાલ નિખીલ કુમારને મેદાનમાં ઉતારવા કોંગ્રેસે ઔરંગાબાદ અથવા કાલાકત બેઠકની પણ માંગ કરી છે. આ ઉપરાંત ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન માટે પણ કોંગ્રેસ દ્વારા સીટની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસને ૧૧ બેઠકોની ઓફરનો બચાવ કરતા લાલુએ કહ્યું હતું કે તેઓ તેમની ફોર્મ્યુલા ઉપર પહોંચતા પહેલાં ઉમેદવારોની જીતની સ્થિતિની ચકાસણી કરી ચૂક્યા છે. પ્રસાદે તેના નેતા તારીક અનવરને કટીહાલ બેઠકની ઓફર કરી છે. લાલુનું કહેવું છે કે માત્ર ચૂંટણી લડવી મહત્વપૂર્ણ નથી. જીતવાની સ્થિતિ હોવી જોઈએ. સાથી પક્ષોએ એ બાબત ઉપર વિચારણા કરવી જોઈએ કે વિજેતા ઉમેદવારને મત ટ્રાન્સફર કરવાની સ્થિતિમાં રહેશે કે કેમ. પ્રસાદે કહ્યું હતુ કે કોંગ્રેસ સાથે ગઠબંધન માટેના બાના હજુ બંધ કરવામાં આવ્યા નથી. સોનિયા ગાંધીને બેઠકોની વહેચણી મામલે અપીલ કરવામાં આવી ચૂકી છે. ઝારખંડ અને બિહારમાં આરજેડી સારા પરિણામ મેળવશે.

# મોદીને ભાવિ પીએમ તરીકે જોવાની મહેચ્છા : પાસવાન

મુઝફ્ફરપુર,તા. ૩

ભાજપના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનમાં પરત ફર્યા બાદ લોકજનશક્તિ પાર્ટીના વડા રામવિલાસ પાસવાને કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બને તેવી અમારી ઈચ્છા છે. બિહારમાં પરત આવવા બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન આપતા પાસવાને કહ્યું હતું કે, વિરોધીઓ તેમના માટે ઘણી વ્યૂહરચના ઘડી રહ્યા છે. પટણામાં બ્લાસ્ટ સાથે મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંતુ લોકો મોદીનું સ્વાગત કરવા માટે જ આવ્યા નથી બલ્કે એનડીએને મજબૂત કરવા માટે આવ્યા છે. તેમની નેતાગીરી હેઠળ દેશને મજબૂત કરવા આવ્યા છે. ભાવિ વડાપ્રધાન તરીકે મોદી સત્તારુઢ થાય તેવી અમારી ઈચ્છા છે. એલજેપીના વડાએ હૂંકાર રેલીમાં આવેલા લોકોને સંબોધતા નીતિશકુમાર અને લાલૂ પ્રસાદ યાદવની પણ ઝાટકણી કાઢી હતી. ભાજપના નેતાઓ સાથે પાસવાન મંચ ઉપર રહ્યા હતા. ગુજરાત અને બિહારમાં સરકાર વચ્ચે સરખામણી કરતા પાસવાને કહ્યું હતું કે, મોદી મોડેલે આજે તમામનું



ધ્યાન ખેંચ્યું છે.

ભારતમાં પરિવર્તનની લહેર જોવા મળી રહી છે. ગુજરાતમાં સાંપ્રદાયિક હિંસાના મામલે મોદીની ટીકાને પાસવાને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, ગુજરાતમાં ૧૨ વર્ષ અગાઉ રમખાણો થયા હતા ત્યારબાદથી કોઈ હિંસા થઈ નથી પરંતુ બિહારમાં દર વર્ષે રમખાણો થતા રહે છે. આરજેડી અને કોંગ્રેસની ઝાટકણી કાઢતા પાસવાને કહ્યું હતું કે, નીતિશ કુમાર અને લાલૂ યાદવ અગાઉ તેમની પ્રશંસા કરતા હતા. બિહારના મુખ્યમંત્રી તરીકે તેમને જોવા ઈચ્છતા હતા પરંતુ જ્યારે તેઓ એનડીએમાં સામેલ થયા છે ત્યારે તેઓ લાલૂ અને નીતિશ માટે એકાએક ખરાબ થઈ ગયા છે. એનડીએમાં સામેલ થવાના તેમના પક્ષના નિર્ણયને વાજબી ઠેરવતા એલજેપીના વડાએ કહ્યું હતું કે જે રીતે ગઠબંધન ધર્મ ભાજપ પાળે છે તે રીતે અન્ય કોઈ પાળતા નથી. પાસવાને તેમના પુત્ર ચિરાગને પણ શુભેચ્છા પાઠવી હતી. બિહારમાં એલજેપી અને ભાજપ વચ્ચે ગઠબંધનમાં ચિરાગે મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે.

## જસ્ટિસ કેટી થોમસે લોકપાલ કમિટિ સર્ચ પેનલના વડા તરીકે આજે રાજીનામુ આપ્યું

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રમાં કોંગ્રેસ સરકારને મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં જસ્ટિસ કેટી થોમસે લોકપાલ કમિટિ સર્ચ પેનલના વડા તરીકે આજે રાજીનામુ આપી દીધુ હતું. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લોકપાલ અથવા તો રાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી વ્યવસ્થાના નવ સભ્યોની શોધ કરવા પેનલના વડા રહેલા જસ્ટિસ થોમસે વડાપ્રધાનની કચેરીને તેમનું રાજીનામુ મોકલી દીધું છે. આ હોદ્દા ઉપર ચાલુ રહેવાની તેઓ સ્થિતિમાં નથી તેવો દાવો પણ કરવામાં આવ્યો છે. જાણીતા નિષ્ણાત ફલી નરિમને કમિટિના ભાગરુપે સરકારના આમંત્રિતની ઓફરને ફગાવી દીધી હતી. નરિમને કહ્યું હતું કે, પસંદગી પ્રક્રિયા સાથે ચેડા થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સૌથી લાયક ઉમેદવારોને શોધી કાઢવાની બાબત બિલકુલ યોગ્ય રહેશે નહીં. વર્ષ ૨૦૦૨માં સુપ્રીમ કોર્ટમાંથી નિવૃત્ત થયેલા જસ્ટિસ થોમસની પેનલ દ્વારા કમિટિના વડા તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ પેનલમાં વડાપ્રધાન મનમોહનસિંહ અને લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ પણ રહ્યા હતા. પીએમઓને લખવામાં આવેલા પત્રમાં થોમસે કહ્યું હતું કે, નિયમોમાં અભ્યાસ કર્યા બાદ તેઓ સર્ચ કમિટિમાંથી તેમનું નામ પાછુ ખેંચી રહ્યા છે. પસંદગી સમિતિ પોતે કેન્દ્ર સરકારની યાદીમાંથી લોકોના નામની પસંદગી કરી શકે છે. સર્ચ કમિટિ પાસેથી કોઈ અપેક્ષા કરવી અને યાદી સરકારને સોંપવાની બાબત યોગ્ય દેખાતી નથી. અગાઉ ભાજપે પેનલ માટે વડાપ્રધાનના નોમિની પૈકીના એક પીપી રાવની પસંદગી સામે વાંધો ઉઠાવ્યો હતો. યુપીએ-૨ તરફી હોવાનો તેમના ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. લોકપાલને લઈને હાલ ભારે હોબાળો મચેલો છે. વડાપ્રધાનના નેતૃત્વમાં પસંદગી સમિતિમાં લોકસભા અધ્યક્ષ, વિપક્ષના નેતા, ભારતના ચીફ જસ્ટિસ અથવા સુપ્રીમ કોર્ટના જજની નિમણૂંક કરવામાં આવી હતી. જસ્ટીસ કેટી થોમસ લોકપાલ સર્ચ કમિટિના વડા તરીકે નીકળી જતા તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે.

**છ વર્ષની કાયદાકીય લડાઈ બાદ તિવારીની કબૂલાત**

# આખરે કોંગ્રેસના વરિષ્ઠ નેતા એનડી તિવારીએ રોહિત શેખર તેમનો પુત્ર હોવાની કબુલાત કરી

નવી દિલ્હી,તા.૩

લાંબા સમય સુધી



ડીએનએ ટેસ્ટને ફગાવી દીધા બાદ આખરે કોંગ્રેસના વરિષ્ઠ નેતા એનડી તિવારીએ રોહિત શેખર તેમનો પુત્ર હોવાની કબુલાત કરી લીધી હતી. આની સાથે જ ચાલતી અટકળોનો અંત આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે વર્ષ ૨૦૦૮માં રોહિત શેખરે એક અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે તિવારી તેમના બાયલોજિકલ પિતા છે. રવિવારની રાત્રે રોહિત શેખર અને નારાયણ દત્ત તિવારી વચ્ચે મુલાકાત થઇ હતી.ત્યારબાદ તિવારીએ કબુલાત કરી હતી કે રોહિત શેખર તેમનો પુત્ર છે. અલબત્ત હાઇકોર્ટના આદેશ પર થયેલા ડીએનએ ટેસ્ટથી એ બાબત પહેલાથી જ સબિત થઇ ગઇ હતી કે તિવારી જ શેખરના પિતા છે. પરંતુ ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના પૂર્વ મુખ્યપ્રધાન અને આંધ્રપ્રદેશના ગવર્નર રહી ચુકેલા તિવારી આ બાબત સ્વીકારી રહ્યા ન હતા. એનડી તિવારીએ ન્યુજ ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તેમને કોર્ટમાં લઇ જનાર રોહિત જ તેમનો પુત્ર છે.

આ પ્રસંગે રોહિતે કહ્યું હતું કે તેઓ અગાઉની તમામ બાબતોને ભુલીને પોતાના પિતાની સાથે સમય ગાળવા માંગે છે. રોહિત શેખરની માતા ઉજ્જવલા ઘણા વર્ષોથી પોતાના પુત્રની સાથે રહીને તેમના માટે લડત ચલાવી રહી હતી. તિવારીના આજના નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. તેમના પુત્ર તરીકે રોહિતને સ્વીકારી લીધા બાદ રોહિતને અંતે રાહત થઇ છે. આશરે છ વર્ષ બાદ તિવારીએ આની કબુલાત કરી છે. રોહિતે કહ્યું છે કે તિવારીએ આખરે તે તેમનો પુત્ર છે તે બાબત સ્વીકારી લેતા આશ્ચર્ય થયું છે. રોહિતે કહ્યું હતું કે તેની માતાને સન્માન મળે તેમ તે ઇચ્છે છે.

દિલ્હી હાઇકોર્ટે ૨૭મી જુલાઇ ૨૦૧૨ન દિવસે કેસમાં ડીએનએ રિપોર્ટ વાંચીને કહ્યું હતું કે તિવારી શેખરના જૈવિક પિતા છે. ૩૪ વર્ષીય શેખરે વર્ષ ૨૦૦૮માં કોર્ટમાં પોતાના પિતાને ખેંચી જઇને જોરદાર રજૂઆત કરી હતી. સમગ્ર મામલો કોર્ટમાં ચાલી રહ્યો હતો ત્યારે તિવારીએ અનેક વખત શેખરની સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. જુદા જુદા ટેસ્ટ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

# પાકિસ્તાનમાં કોર્ટ સંકુલમાં આત્મઘાતી હુમલો કરાયો

ઈસ્લામાબાદ, તા. ૩

પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં કોર્ટ સંકુલ ખાતે કરવામાં આવેલા આત્મઘાતી હુમલા અનો ગોળીબારના બનાવમાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે અને અન્ય ૨૫ લોકો ઘાયલ થયા છે જૈ પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પોલીસે કહ્યું છે કે, પાકિસ્તાનમાં આ રક્તપાતના કારણે લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. વર્ષ ૨૦૦૭ બાદથી તાલિબાન ત્રાસવાદીઓ સપાટી ઉપર આવ્યા બાદ પાકિસ્તાનમાં વ્યાપક હિંસા થઈ છે પરંતુ પાટનગર ઈસ્લામાબાદમાં હુમલાઓ તાજેતરના વર્ષોમાં થયા નથી. આ હુમલાને ખુબ પ્રચંડ હુમલા તરીકે ગણવામાં આવે છે. હુમલાખોરોએ ઈસ્લામાબાદમાં કોર્ટ સંકુલની અંદર હુમલો કરી દીધો હતો. આજે કરવામાં આવેલા આ હુમલાની જવાબદારી કોઈપણ સંગઠને સ્વીકારી નથી. સરકાર સાથે અટવાઈ પડેલી શાંતિ મંત્રણા પુનઃ શરૂ કરવાના હેતુથી એક મહિના માટે પાકિસ્તાની તાલિબાન યુદ્ધવિરામની જાહેરાત કર્યાના બે દિવસ બાદ આ હુમલો કરવામાં આવ્યો હતો. ઈસ્લામાબાદના પોલીસ વડા સિકંદર હૈયાતે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ગોળીબાર કરવામાં આવ્યા બાદ એજ ગાળામાં બે આત્મઘાતી બ્લાસ્ટ પણ કરવામાં આવ્યા હતા જેમાં ૧૧ લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય ૨૫ લોકો ઘાયલ થયા હતા. પોલીસનું કહેવું છે કે, આત્મઘાતી હુમલાખોર સિવાય અને તમામ હુમલાખોરો ઈજાગ્રસ્ત થયા બાદ ફરાર થઈ ગયા હતા. કોર્ટ સંકુલમાં ભારે અફડાતફડી ફેલાઈ ગઈ હતી. મોતના આંકડાને અન્ય પોલીસ અધિકારીઓએ પણ સમર્થન આપ્યું છે.

પાકિસ્તાન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના પ્રવક્તાએ કહ્યું છે કે, ઘાયલ થયેલા લોકો પૈકી ઘણાની હાલત ગંભીર જણાવવામાં



આવી છે. આશરે ૧૨થી વધુ લોકો ગંભીર બનેલા છે. માર્યા ગયેલાઓમાં સેશન જજનો પણ સમાવેશ થાય છે. શહેરના લોકપ્રિય એવા સમૃદ્ધ નિવાસી સેક્ટરમાં સ્થિત કોર્ટની આસપાસના રસ્તાઓને સીલ કરી દેવામાં આવ્યા હતા. પોલીસ અને અર્ધલશ્કરી દળ દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ સવારે નવ વાગ્યાની આસપાસ ૧૫ જેટલા હુમલાખોરોએ કોર્ટ સંકુલને ઘેરી લઈને ચેમ્બરમાં પ્રવેશી હુમલો કર્યો હતો. હુમલાખોરો પાસે હેન્ડગ્રેનેડ અને ખતરનાક હથિયારો હતા. પાકિસ્તાન સરકારે ગઈકાલે જ જાહેરાત કરી હતી કે, આદિવાસી વિસ્તારોમાં તાલિબાની અડ્ડાઓ ઉપર હવાઈ હુમલા બંધ કરવામાં આવ્યા છે. ગયા મહિને સરકારે તહેરિકે તાલિબાન પાકિસ્તાન સાથે વાતચીત ચાલુ કરી હતી પરંતુ ત્રાસવાદીઓએ ૨૩ સૈનિકોની હત્યા કરી દીધા બાદ મંત્રણા પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી હતી.

# નેતાઓ પણ વોટ્સઅપ દ્વારા મતદારોને મનાવવા વ્યસ્ત છે

નવી દિલ્હી,તા.૩

લોકસભાની ચૂંટણી માત્ર મેદાન ઉપર જ લડવામાં આવશે નહીં બલ્કે આ વખતે ઈન્ટરનેટ ઉપર પણ જોરદાર જંગ જામશે. રાજકારણીઓ વોટ્સઅપની અસરને લઈને પણ સાવધાન થઈ ગયા છે. સોસિયલ મીડિયાની રાજકારણીઓ ગંભીર નોંધ લઈ રહ્યા છે અને આને અપનાવીને આગળ વધી રહ્યા છે. ફેસબુક અને ટ્વીટર જેવી સોસિયલ મીડિયાના સ્લાઈટોની બોલબાલા વધી ગઈ છે. મોબાઈલ મેસેજિંગ સર્વિસ વોટ્સઅપનો ક્રેઝ પણ તાજેતરના દિવસોમાં વધ્યો છે. વોટ્સઅપ ગેમચેન્જરની ભૂમિકા અદા કરી શકે છે. તમામ રાજકીય પક્ષોના ટોચના નેતાઓ આગામી લોકસભાની ચૂંટણીને લઈને તૈયારીમાં લાગી ગયા છે. આ લોકોએ વોટ્સઅપની ગંભીર નોંધ લીધી છે. આનો ઉપયોગ ખાનગી અને ગ્રૂપ મેસેજિંગ બંને માટે કરવામાં આવી શકે છે. પક્ષના સૂત્રોનું કહેવું છે કે ટોચના અધિકારીઓ ઉપરાંત લોકલ લોકો પણ આ બાબતને સમજવા લાગ્યા છે. મતદારો સાથે પોતાને જોડવાના માધ્યમ તરીકે વોટ્સઅપ ઉપયોગી છે. ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા મતદારોને તેમના વોટસઅપ નંબરથી જોડી રહ્યા છે. કોંગ્રેસ અને ભાજપ બંને પોતપોતાની રીતે સક્રિય થયેલા છે. કોંગ્રેસ અને ભાજપે ક્રમશ તેમના વોટ્સઅપ નંબર ૮૩૯૮૯૮૯૮૯૮ અને મિશન ૨૭૨પ્લસ (૭૮૨૦૦૭૮૨૦૦)નો સમાવેશ થાય છે. વોટ્સઅપ માઈક્રો લેવલમાં કામ કરે છે. એક રાજકારણી પક્ષના કાર્યકર અને સાથે સાથે મતદારોને મફતમાં મેસેજો મોકલી શકે છે. આવી જ રીતે મતવિસ્તાર ઘણા ગ્રૂપમાં વિભાજિત રહે છે. જે સામાજિક, આર્થિક પરિબળો ઉપર આધારિત રહે છે. આવી સ્થિતિમાં રાજકારણીઓ વોટ્સઅપ ઉપર જુદી જુદી ખાનગી વાતચીત કરી શકે છે. સોસિયલ નેટવર્કિંગ વેબસાઈટને ઈન્ટરનેટ પ્રોફાઈલની જરૂર પડે છે. જ્યારે વોટ્સઅપ સંબંધિત વેબથી અમલી બને છે. એપ્લીકેશન ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે પરંતુ સર્ચ એન્જિન વોટ્સઅપને શોધી શકે તેવી સ્થિતિમાં નથી. રાજકારણીઓ જે ઓરિસ્સા, દિલ્હી અને રાજસ્થાનમાં છે તે પહેલાથી જ વોટ્સઅપનો ઉપયોગ પ્રચાર માટે કરી રહ્યા છે. વોટ્સઅપે હાલમાં સોસિયલ નેટવર્કિંગ સાઈટોને તેના સરળ ઉપયોગના કારણે પાછળ છોડી દીધી છે.

# ગુજરાતના મુસ્લિમો ભયથી મોદીને મત આપે છે : આઝમ

લખનૌ,તા. ૩

ઉત્તરપ્રદેશના શક્તિશાળી નેતા અને નગર વિકાસ પ્રધાન આઝમ ખાને ભાજપના વડાપ્રધાનપદના ઉમદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી પર તેજાબી પ્રહારો કર્યા છે. આઝમખાને મોદીની સરખામણી હિટલર સાથે કરીને કહ્યું છે કે હિટલરે જે રીતે લોકશાહીના રસ્તાથી સત્તામાં આવીને યહુદીઓ સાથે જે કર્યું તેવુ જ કામ મોદી સત્તામાં આવીને કરશે. તેમણે વિવાદાસ્પદ નિવેદન કરતા કહ્યું હતું કે ગુજરાતના મુસ્લિમો ભયભીત થઈને મોદીને મત આપે છે. નગર વિકાસ વિભાગની નાની મોટી યોજનાની આધારશિલા મુકવાના પ્રસંગે કહ્યું હતું કે મુસ્લિમ લોકોમાં એવી દહેશત છે કે જો તેઓ મોદીને મત આપશે નહી તો તેજાબથી હુમલો કરવામાં આવશે. મુસ્લિમ સમુદાયના લોકોને સતત દહેશત સતાવી રહી છે. આઝમ ખાને કહ્યું હતું કે જેવુ આ લોકોએ મુસ્લિમનોની સાથે ગુજરાતમાં કર્યુ છેદિલ્હીમાં સત્તામાં આવ્યા બાદ સમગ્ર દેશમાં એવુ જ કરી શકે છે. આઝમખાનના આ નિવેદન સામે ભાજપે જોરદાર નારાજગી વ્યક્ત કરી છે. તાજેતરમાં મોદીની સામે કેન્દ્ર સરકારના પ્રધાન અને કોંગ્રેસના શક્તિશાળી નેતા સલમાન ખુરશીદે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. સલમાન ખુરશીદે વર્ષ ૨૦૦૨ના કોમી રમખાણો માટે મોદીની ટિકા કરતી વેળા તેમને નપુંસક કહેતા હોબાળો થયો હતો. જો કે સલમાન ખુરશીદના નિવેદનને તેમની પાર્ટીના નેતાઓ તરફથી પણ સમર્થન મળ્યું ન હતુ. આઝમે કહ્યું હતું કે મોદી પણ હિટલરના રસ્તાને અપનાવી શકે છે. આઝમે કહ્યું હતું કે ૧૨૫ કરોડની વસ્તીમાં મોદીને તેમની ભેંસ દેખાય છે. દેશના વડપ્રધાન બનવા માટની ઈચ્છા ધરાવનારની માનસિક સ્થિતીનો અંદાજ આ બાબતથી મળી જાય છે. હકીકતમાં નરેન્દ્ર મોદીએ લખનૌમાં રવિવારે યોજાયેલી રેલીમાં આઝમખાનની ભેંસને લઈને પ્રતિક્રિયા આપી હતી. આઝમે રામ મંદિરના મુદ્દે પર ભાજપ પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે જો તેઓ કુંભનુ આયોજન કરાવી શકે છે તો રાજનાથસિંહે મસ્જિદ બનાવવી જોઈએ. મોટા ભાઈ આગળ ચાલશે ત્યારે જ દેશ ચાલશે. મુજફ્ફરનગર કોમી હિસાનો ઉલ્લેખ કરતા આજમે કહ્યું હતું કે તેમની સામે આઠ નોટીસ હોવાથી તેઓ ત્યાં પહોંચ્યા ન હતા. પરંતુ ભાજપના લોકોએ રમખાણગ્રસ્તોની મદદ માટે શુ કર્યુંછે.

# રશિયા અને યુક્રેનની વચ્ચે લશ્કરી જંગના સ્પષ્ટ સંકેત

કીવ, તા. ૩

રશિયન સેનાઓની તૈનાતી બાદ પોતાની સ્થિતિને મજબૂત કરવા યુક્રેને પણ રિઝર્વ સૈનિકોને બોલાવી લીધા છે. તમામ સેનાઓને સતર્ક રહેવા અને સાવધાન રહેવાની સૂચના આપી દેવાઈ છે. બીજી બાજુ લશ્કરી ફલાઈટો માટે એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા છે. યુક્રેનના કારોબારી પ્રમુખ ટુવર્કિનોવ પહેલા જ પરમાણુ પ્લાન્ટ સહિત મુખ્ય જગ્યા ઉપર સુરક્ષા મજબૂત કરવાનો આદેશ આપી ચુક્યા છે. તેમના જણાવ્યા મુજબ રશિયન ભાષાના લોકો ઉપર અત્યાચારના રશિયાના આક્ષેપ ગેરમાર્ગે દોરનાર છે. યુક્રેનનું કહેવું છે કે, તે પોતાની સુરક્ષા માટે અમેરિકા અને બ્રિટિશ નેતાઓની મદદ લેશે. આ સંદર્ભમાં નાટોએ મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. યુક્રેનના વડાપ્રધાને કહ્યું છે કે, જો રશિયા લશ્કરી કાર્યવાહી કરશે તો સંબંધોનો અંત આવી જશે. રશિયાની સેના ક્રિમિયાની સરહદ ઉપર મોરચા સંભાળી રહી છે. મહત્વપૂર્ણ જગ્યાઓ ઉપર સુરક્ષા વધારવામાં આવી રહી છે. બીજી બાજુ યુક્રેન કટોકટી વધુ ગંભીર બન્યા બાદ સંયુક્ત રાષ્ટ્રે રશિયન પ્રમુખને અપીલ કરી છે કે તેઓ યુક્રેન સાથે સીધી વાતચીત કરે. દરમિયાન અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ રશિયન સમકક્ષ પુતિન સાથે ફોન પર વાત કરી છે. સાથે સાથે રશિયન સૈનિકોને ફરીથી ક્રિમિયામાંથી બોલાવી લેવા અપીલ કરી છે. ૯૦ મિનિટ સુધી પુતિન અને ઓબામા વચ્ચે વાતચીત થઈ હતી. યુક્રેન દ્વારા પણ યુદ્ધ માટે જવાનોને એકત્રિત કરવાની શરૂઆત કરી દીધી છે.યુદ્ધના વાદળો ઘેરાઈ ગયા છે. અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્રના નેતાઓ રશિયન પ્રમુખને મનાવવાના પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સ્થિતિ હળવી થઈ નથી. કોલ્ડવોર બાદ પશ્ચિમ સાથે મોસ્કોની સૌથી મોટી લડાઈમાં તેના પડોશી દેશ ઉપર હુમલા કરવાનો અધિકાર છે તેવી જાહેરાત પુતિને કર્યા બાદ રશિયાને આર્થિક રીતે અલગ કરી દેવાની ઓબામાએ ચેતવણી ઉચ્ચારી છે.

## સમાચાર ઝલક

- *જાપાનમાં ફરી વધુ તીવ્રતાનો ભૂકંપ છતાં સુનામી આવવાની શક્યતા નહીં.*
- *જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓએ કોર્ટમાં ગોળીબાર કર્યો, ન્યાયાધીશનું મૃત્યુ.*
- *ન્યાયાધીશ થોમસે પણ લોકપાલમાં જોડાવવા ઇન્કાર કર્યો.*
- *ઇસ્લામાબાદમાં કોર્ટ પરિસર બહાર બોમ્બ વિસ્ફોટથી ૧૨નાં મોત.*
- *એન.ડી.તિવારીએ રોહિત શેખરને પોતાનો પુત્ર માન્યો, દિલ્હી કોર્ટમાં કેસ ૬ વર્ષથી ચાલે છે.*
- *આતંકવાદીઓની યાદીમાં નરેન્દ્ર મોદીનો પ્રચારકાર્ય ખોરવવાની યોજના હોવાથી ચેતવણી.*
- *ઇડર તાલુકા વિકાસ અધિકારીને માહિતી અધિકારનો ભંગ કરવા બદલ નોટીસ આપવામાં આવી.*
- *પાલનપુરમાં ચોરી કરવા આવનારને પ્રજાએ મેથીપાક ચખાડતાં મૃત્યુ પામ્યો.*
- *મોડાસામાં ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારોને કોર્ટમાં જ થાપણદારોએ ધીબી નાખ્યો.*
- *મહેસાણાની અંકિતા રાજપરાએ ચેસમાં ગ્રાન્ડ માસ્ટરનું બિરૂદ્ધ મેળવ્યું.*
- *બ્રિટન-રશિયામાં યોજાનાર ઓલિમ્પિકનો યુક્રેન બાબતે બહિષ્કાર કરશે.*
- *શેરબજારમાં આજે તેજી પર બ્રેક લાગી.*
- *હોલીવુડ ફિલ્મ ક્ષેત્રમાં વિવિધ તબક્કાઓનાં ઓસ્કાર એવોર્ડ જાહેર કરાયા.*
- *જૂનાગઢમાં ચોરી કરવાના ઇરાદે રખડતાં ૧૫૮ ઇસમોને પોલીસે ઝડપી લીધા.*
- *ગુડગાંવમાં ઉચ્ચ હોદ્દેદારે પત્નીને ૧૮ ચાકુનાં ઘા માર્યા.*